# ઈરાનના ખામેની મંડળને હાથે કર્યા હૈયે વાગ્યા

સારાંશ
★વિન્સી મરચન્ટ

ઘણા શાસકો પોતાના દેશમાં જ અનહદ અલોકપ્રિય થઈ ગયાના ઈતિહાસમાં અનેક ઉદાહરણો છે. છેલ્લો દાખલો ઈરાનના મૃત સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીનો છે. એ ગયા જાન્યુઆરી અગાઉ 86 વરસની વયે કુદરતી રીતે મૃત્યુ પામ્યા હોત તો બીજાં ચાલીસ હજાર નિર્દોષ બાળકો, યુવાનો અને યુવતીઓ જીવતાં બચી ગયા હોત. પોતાની સત્તા ટકાવવા આટલી મોટી ઉંમરે હજારો દબાયેલાં કચડાયેલાઓનો જીવ લીધો. એ સુપ્રીમ ધર્મગુરુ હતા. સર્વોચ્ચ. મૃત્યુ બાદ એમને જન્નત મળસે કે જહાન્નુમ એ તો ખુદા જાણે. ખુદા કી બાતે ખૂદા હી જાને. -મોહમ્મદ રફી. સાહેબે ગાયેલું આ એક જુનું ગીત છે. પરંતુ એક વાત પાકી છે કે સુપ્રીમ લીડર ખામેનીને મૃત્યુ અગાઉ અને મૃત્યુ બાદ એક એક મોટી બદનામી મળી છે. શક્ય છે કે જાન્યુઆરી સમયના વિદ્રોહમાં ઈરાનને એક રાખવાની એમને ફરજ પડી હોય. પરંતુ બીજા કોઈ લાયકને રાજપાટ સોંપી એ સ્થિતિને હળવી બનાવી શક્યા હોત. કદાચ એ જ અપરાધબોધમાં આવીને એમણે વડા મથકમાં હાજરી આપીને મૃત્યુ પસંદ કર્યું હોય. કશું કહેવાનું મુશ્કેલ એટલા માટે છે કે છેક સુધી એ સત્તાને વળગી રહ્યા હતા. કહે છે કે એમના પુત્ર મુસ્તફાને સુકાન સોંપવાના હતા. આ પુત્રની હયાતિ વિશે પણ ઘણી અફવાઓ ચાલી રહી છે.


જે શિયાઓ ઈરાનની બહાર છે તેઓ એમના ઈન્તેકાલ બાબતે બેસુમાર રડી રહ્યા છે. ઈરાનના અમુક લોકો એટલી હદે રડ્યા, ખાસ કરીને ટેલિવિઝનના એન્કરો મોટે મોટેથી અવાજ કરીને લાંબો સમય રડ્યા કે એમનું રૂદન રૂદાલી રૂદન લાગે. સરકારી પગાર લે છે. આમ લખવાનું કારણ એ છે કે એમની ચિરવિદાયથી ઈરાનનો એક ખાસ્સો મોટો વર્ગ રાજીના રેડ થઈ ગયો. તહેરાનના ચોકમાં તેઓએ હર્ષોલ્લાસ સાથે નૃત્યો કર્યા. જાન્યુઆરીનાં પ્રદર્શનોમાં જે ઈરાની કન્યાએ ખામેનીનું પોસ્ટર સળગાવી, તે આગ વડે પોતાની સિગારેટ સળગાવી હતી અને એ તસવીર જગતભરમાં વાયરલ થઈ હતી તે પણ તહેરાનની ચોકમાં હાજરો લાખોની ભીડ સાથે જશ્ન મનાવતી જોવા મળી. ગયા જુન મહિનામાં એક ઈરાની ટીવી એન્કર લોકોને નહીં ડરવાની સલાહ આપી હતી અને તે દરમિયાન ટીવી કેન્દ્ર પર ઈઝરાયલી બોમ્બ ખાબક્યો હતો. એ સ્ત્રીએ સુફિયાણી સલાહો બંધ કરી, નાસી ગઈ હતી. રવિવારની સાંજે પણ એ ઘટનાનું અસ્સલ પુનરાવર્તન થયું. માત્ર એન્કર જૂદી હતી. ઈઝરાયલે સરકારી ટીવી સેન્ટરને ધ્વસ્ત કરી નાખ્યું.

જે લોકો ઈરાનમાં રહ્યા નથી અને યાતનાઓનો જેમને પ્રત્યક્ષ અનુભવ નથી તેઓ શિયા લીડર માટે અનહદ રડે અને જેઓ દમનમાંથી પસાર થયા તેઓ અનહદ હસે. આ વિરોધાભાસ અલી ખામેની પાછળ છોડીને ગયા છે. લોકો કેટલાક ત્રાસી ગયા હશે એ વિચારો. અન્યથા તો એ એક ધાર્મિક નેતા હતા. સામાન્યપણે દુનિયાભરની પ્રજા એમના ધર્મના વડાને આદર આપતી હોય છે, પણ પોતાની જુઠ્ઠી નીતિઓ અને શક્તિ વગરનો અહંકાર અને જીદ્દી વલણને પ્રતાપે સુપ્રીમ લીડરે અસાધારણ નફરત અર્જિત કરી હતી અને તે પણ પોતાની પ્રજાની નફરત. અમુક સુન્ની દેશો પણ એમને નફરત કરતા થઈ ગયા. સાઉદી અરેબિયાના પાટળ કુંવર મોહમ્મદ બિન સલમાને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સમજાવી ઈરાન પર આક્રમણ કરાવ્યું છે એ સમાચાર પણ આધારભૂત રીતે પ્રગટ થયા છે. છતાં તે સાચા જ હોય તેની ખાતરી યુદ્ધકાળમાં આપી શકાય નહીં.

સુપ્રીમ લીડર જાણે કે બાકીની દુનિયા અને પોતાની પ્રજા સાથે ઝગડવા માટે જ આવ્યા હતા એવું લાગે. ઈઝરાયલને હંફાવવા માટે હમાસ, હીઝબોલ્લાહ, હૂતી વગેરે પાળીતાં ત્રાસવાદી અને ગંજાવર એકમો ઊભા કર્યા. સાઉદી અરેબિયા સામે પ્રોક્સી યુદ્ધ યેમેનીઓ દ્વારા શરૂ કરાવ્યું. ગયા જુનમાં ઈઝરાયલ અમેરિકાએ મળીને બાર બાર દિવસ સુધી ઈરાનનો કચ્ચરઘાણ વાળી દીધો હતો. તેમાં હજારથી વધુ નિર્દોષ ઈરાનીઓ માર્યા ગયા હતા. અધુરૂં હતું તો વિદેશો વતિ જાસૂસી કરવાના સાચા ખોટા આરોપસર સેંકડો ઈરાનીઓને દર સપ્તાહે જાહેરમાં ક્રેન વડે લટકાવીને ફાંસી આપતા રહ્યાં. કુમળી બાળાઓ, કિશોરીઓનો હિજાબ થોડો ખસી ગયો હોય તો પણ કેદમાં પૂરીને મારી નાખી. લગભગ પાંચસોથી વધુ. કેટલાક નાગરિકોને દિવાલ સટોસટ ઊભા રખાવીને ફાયરિંગ સ્ક્વોડ દ્વારા બંદૂકની ગોળીએ હણી નાખવા એ સામાન્ય બાબત હતી. આવો ભયંકર માહોલ વરસોથી ઊભો કરાયો હતો અને છતાં જાન્યુઆરીમાં પ્રજા વિદ્રોહે ચડી ત્યારે સમજવું પડે કે પ્રજાને મોતનો ડર પણ રહ્યો ન હતો.

**પોતાની સત્તા ટકાવવા આટલી મોટી ઉંમરે હજારો દબાયેલાં કચડાયેલાઓનો જીવ લીધો. એ સુપ્રીમ ધર્મગુરુ હતા. સર્વોચ્ચ. મૃત્યુ બાદ એમને જન્નત મળશે કે જહાન્નુમ એ તો ખુદા જાણે**

આ આક્રોશ કંઈ એક બે વરસનો નથી. 1979માં ઈસ્લામિક ક્રાન્તિ આવી ત્યારબાદ ઘણાં વરસોથી પ્રજાને લાગી રહ્યું હતું કે રાજા શાહ રેઝા પહેલવીને ભગાડીને મોટી ભૂલ થઈ ગઈ છે. છેલ્લા ચાલીસેક વરસથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી. બુરખા, હિજાબ અને ઈસ્લામિક રીત-રિવાજોમાં મક્કા અને મદીનાના રાજા (વડા પ્રધાન) મોહમ્મદ બિન સલમાન ઉદારવાદી બની રહ્યા છે ત્યારે ઈરાનમાં ફરજિયાત પાલન લોકોને માફક આવતું ન હતું. શાહના શાસનકાળથી ઈરાનના વિજ્ઞાનીઓ, તબીબો, ઉચ્ચ પ્રોફેશનલો પશ્ચિમના દેશોમાં ફેલાયેલા છે. તેઓ, તેઓના કુટુંબ વતન ઈરાન આવે ત્યારે પશ્ચિમના જાસૂસો ગણાવીને તેઓને ઈરાનની જેલોમાં પૂરી દેવા તે સામાન્ય બની ગયું હતું. ઘણા ઈરાનીઓ- સ્થાનિક ગોરી પ્રજાને પરણ્યાં હતાં. તેઓના પતિ પત્નીને એટલા માટે પૂરી દેવાતા કે તેઓને ઈરાનની મુલ્લા સરકાર બાનમાં રાખી, અમુક રકમ કે સંધિના બદલામાં મુક્ત કરે. પશ્ચિમના નાગરિકોની જવાબદારીઓ ત્યાંની સરકારો ઉઠાવતી હોય છે. આ પ્રકારે અસંખ્ય લોકોને, ઈરાનમાંના તેઓના સગાંઓને વરસોથી જેલમાં સબડતાં રાખ્યાં હતાં. ઈરાનના જે લોકો વિદેશોમાં વસ્યાં તેઓ મુલ્લાઓનાં નિર્દય શાસનના નખશિખ વિરોધી બની ગયાં હતાં. શાસનની પાબંદીઓનો કોઈ પાર ન હતો. લોકોના જીવવાનો ઉત્સાહ અને પરિણામે વેપાર ધંધા, આર્થિક પ્રવૃત્તિઓ વરસોથી ખાડે જઈ રહ્યાં હતાં.



ધાર્મિક પોલીસની નજર ઈરાનના તમામ નાગરિકો પર ચૌરે અને ચૌટે સતત રહેતી. ઈસ્લામ વિરૂદ્ધની કોઈ તથાકથિત ભૂલ કરી કે આવી બન્યું. ધાર્મિક પોલીસના હજારો જવાનો શેરીઓમાં રોન મારતા રહેતા. મહીસા અમીનીની ઘટના બાદ પ્રજાને શાંત પાડવા તેઓને ફરજ પરથી ખસેડીને પોલીસલાઈનોમાં બેસાડી દેવાની સરકારને ફરજ પડી. એ વખતે પ્રજામાં જે રોષ હતો તે જોઈને સરકારને પણ નમતું જોખાવની ફરજ પડી હતી. લોકોની ઈસ્લામ પ્રત્યેની આસકિત ઘટવા માંડી. થોડાં વરસો પૂર્વે ધી ઈકોનોમિસ્ટના એક અહેવાલ પ્રમાણે ઈરાનની પ્રજાનો એક મોટો હિસ્સો ખાનગીમાં જૂના જરથોસ્તી (જે આપણા પરસીઓ પાળે છે) ધર્મ તરફ વળી ગયો હતો. ડરના માર્યા જાહેરમાં તેઓ પોતાને મુસ્લિમ ગણાવે પરંતુ વ્યક્તિગત વ્યવહારોમાં જરથોસ્તીનું પાલન કરે છે. આ બધી વિગતો ત્યારની છે જ્યારે ઈરાનનાં વાજિંત્રો હમાસ અને હિઝબોલ્લાહે સાત ઓક્ટોબરના રોજ ઈઝરાયલના યહૂદીઓ પર આતંક મચાવ્યો ન હતો. ત્યારબાદ બાજી પલટી ગઈ. ઈરાનના મુલ્લાઓનો ચસ્કો એ છે કે જગતમાં શિયા મુસ્લિમોને સમગ્ર મુસ્લિમ જગતના તારણહાર અને અગ્રેસર ગણાવવા. આથી પેલેસ્ટાઈનના સુન્ની આરબ મુસ્લિમોને ઈઝરાયલના અંકુશમાંથી છોડવવા ઈરાન ચાર દાયકાથી આદુ ખાઈને મચી પડ્યો હતો. બાકીના આરબ રાષ્ટ્રો, જોર્ડન, સાઉદી અરેબિયા, સિરિયા, યુએઈ, ઈજિપ્ત, ઈરાક અને બીજા ઘણા એટલા દુ:ખી નથી થઈ જતા જેટલો ઈરાન થતો હતો. હમાસ અને હિઝબોલ્લાહને અબજો ડૉલર પૂરા પાડ્યા. હકીકતમાં ઈરાનની સરહદ ઈઝરાયલ, પેલેસ્ટાઈન અને લેબેનોનમાંથી કોઈને અડતી નથી. ઘણી દૂર છે. પણ પટલાઈ એક વ્યસન થઈ પડ્યું. ગાઝા નીચે સેંકડો કિલોમીટરની સુરંગોનું આધુનિક માળખું તૈયાર કરવામાં અબજો અમેરિકી ડૉલર ખર્ચ્યા. હમાસ અને હિઝબોલ્લાહને તાલીમ અને શસ્ત્રો માટે બીજા અબજો ખર્ચ્યા. ઈઝરાયલને હરાવવા અને હંફાવવા માટે અણુશસ્ત્રો અને મિસાઈલો વિકસાવવાની જીદ પકડી. અમેરિકા, ઈઝરાયલ અને પશ્ચિમના દેશોએ આ જીદ અટકાવવા માટે અનેક કારસાઓ, પેંતરા રચ્યાં. ઈરાન માટે મોટો ડેવિલ (રાક્ષસ) અમેરિકા અને નાનો જોડીદાર રાક્ષસ ઈઝરાયેલ છે. અણુ બોમ્બ તૈયાર કરીને ઈરાન અમેરિકાને પણ પડકાર ફેંકવા માગ્યો. અત્યારે કપરા કાળમાં પણ ફેંકી રહ્યું છે.

અણુબોમ્બ બનાવવાની જીદે ઈરાનને ગરીબી અને પાયમાલી સિવાય કશું આપ્યું નથી. આજના સમયમાં અણુબોમ્બ એક ડિટેરન્ટ અથવા યુદ્ધરોધક બની શકે, પણ હૂમલાનું પ્રથમ હથિયાર ન બની શકે. પાકિસ્તાન પાસે અણુશસ્ત્ર છે તો શું કરી લીધું? ઓપરેશન સિંદૂર અટકાવવા માટે ભારતને અમેરિકાની સરકાર સમજાવે તે માટે પાકિસ્તાની સરકારે અમેરિકાની સરકારને ચાર દિવસમાં પચાસથી વધુ ફોન કોલ્સ કર્યા હતા તે હવે સત્તાવાર રીતે બહાર આવ્યું છે. ધમકી દેવા સિવાય અણુશસ્ત્રનો કોઈ ઉપયોગ નથી અને ઉપયોગ કરવો હોય તો સ્વવિનાશ નક્કી છે. ઈરાન માટે સૌથી સારો માર્ગ ઝગડાળું સ્વભાવ અને લડાયક વૃત્તિ છોડી, સ્થિતિનો રાજદ્વારી ફાયદો મેળવવાનો હતો. જે એની પ્રજાની કાબેલિયત, ભૌગોલિક સ્થિતિ, તેલ-ગેસનાં ભંડારો વગેરેને કારણે જરૂર મળ્યો હોત અને વિપુલ માત્રામાં મળ્યો હોત. તે

માટે શાસકો શાણા અને ડાહ્યા હોય તે જરૂરી છે. તમે સશ્ક્ત દુનિયાના મોટા ભાગના હિસ્સા સામે પડો ત્યારે પોતાની હૈસિયતનો ખ્યાલ અવશ્ય હોવો જોઈએ. 1979માં પહેલની વિદાય બાદ ઈરાને શરૂઆતથી જ પશ્રિમના 'ડેવિલ' અમેરિકા સામેનો રૂઆબ ઝાલી લીધો. તહેરાન ખાતેની અમેરિકન એમ્બેસેની બાવન કર્મચારીઓને 444 દિવસ ઈરાનમાં બાનમાં રાખ્યા. એમને છોડાવા માટે પ્રમુખ જીમ્મી કાર્ટરના સમયમાં ખાનગી મિશન હાથ ધરાયું. જેનો ફીઆસ્કો થયો. ઈરાને લગભગ ચાર ચાર દશક સુધી અમેરિકા વિરુદ્ધ રૂખ અપનાવ્યો. ઈરાનને એકલું પાડવા સજા કરવા અને અણુ શસ્ત્ર ડેવલપ કરવામાંથી અટકાવવા માટે અમેરિકા અને પશ્રિમના દેશોએ સાથે મળીને ઈરાનના આર્થિક બહિષ્કારમાં માર્ગ અખત્યાર કર્યો.

રશિયા, ચીન, ભારત અને અમુક ગણ્યા ગાંઠ્યા દેશોએ ઈરાન સાથે ખાનગીમાં સીમિત વહેવારો ચાલુ રાખ્યા હતા. છેલ્લાં ચાર વરસથી રશિયા ખૂદ દુનિયાના આર્થિક વહેવારોમાંથી બહિષકૃત છે. ચીનને દુનિયા રોકી શકતી નથી, તો પણ દુનિયાએ હુક્કા પાણી વરસોથી બંધ કર્યા છે. એટલે ઈરાને ફરજિયાત અસહ્ય સહન કરવું પડ્યું છે. દુનિયામાં હવે એવો માહિતી યુગ આવ્યો છે. જેમાં તમામ નેતાઓએ અતિશયના ત્યજી મોડરેટ બનવું પડશે. અન્યથા ભેંસના શિંગડા ભેંસને જ ભારે પડશે. એ વાત છે કે ઈરાનમં હવે કોઈ પણ શાસક આવે એ ઉદારમતવાદી હ શે. એ નહી હોય તો ફરિજ્યાત બનવું પડશે. ખુદાની પણ એક અદીબત હોય છે.●